# સારસ (SARUS CRANE)

પંખીલોક

★ પ્રવીણ સરવૈયા

આ જે પશ્ચિમી ઢબનું અનુકરણ કરવાનો અમુક યુવાન છોકરા છોકરીઓમાં ક્રેઝ વધ્યો છે. એથી દાંપત્યજીવન અને દાંપત્યપ્રેમ આવા યુવાવર્ગમાં માત્ર દેખાવ જેવાં જ લાગે છે. ત્યારે પરિણીત યુવાપેઢીને સારસ પંખી પાસેથી દાંપત્યપ્રેમ શીખવા જેવો છે.



સારસ હંમેશાં નર-માદાની જોડીમાં રહે છે. તેની જોડી કાયમી રહે છે અને સાથે જ ચણે છે, સાથે જ ઊડે છે. કવિ કલાપીના જાણીતા 'સારસી' કાવ્યમાં પણ આ જ વાત કહેવાઈ છેઃ

ઝૂરીઝૂરી મરવામાં સ્નેહ સંતોષ માને,
નહિ કદી રસ શોધે સારસી અન્ય સ્થાને.

અહીં એવું સૂચન નથી કે માણસે પણ પતિ-પત્નીમાંથી એક મરી જાય તો બીજાએ મરી જવું. સારસ પાસેથી લાગણી અને વફાદારીની રીત શીખવા જેવી છે.

સારસ આપણી લોકકથાઓમાં વણાયેલું પંખી છે. સારસ પ્રત્યે લોકો કૂણી લાગણી ધરાવે છે અને સારસને પવિત્ર માને છે, તેથી તેનો ભાગ્યે જ કોઈ શિકાર કરે છે. ઊડી શકતાં પંખીઓમાં સારસ સૌથી મોટું પક્ષી છે. તેનું કદ ગીધ જેવડું છે, પણ પૂંછડીથી ચાંચ સુધીની લંબાઈ સાડાચાર ફૂટ જેટલી થાય છે. સારસ સુંદર આસમાની રાખોડી રંગ ધરાવતું પક્ષી છે. તેનાં માથું, ડોક, આંખ રાતાં છે. તેની ચાંચ લાંબી અને અણીદાર છે. તેના પગનાં આંગળાં ઝાડની ડાળી પકડી શકતાં નથી, તેથી સારસ ઝાડ પર બેસતું નથી. સારસ એની રાતી ડોક અને તેમાંના રાખોડી રંગને લીધે તરત ઓળખાઈ જાય એવું પક્ષી છે.

સારસને સૌંદર્યમૂર્તિ કહીએ તો કશું જ અજુગતું નથી. તેની સુંદરતાને લીધે મોરને બદલે સારસને આપણું રાષ્ટ્રીય પક્ષી રાખવાનું સૂચન થયેલું. સારસના ખોરાકમાં દાણા, કંદમૂળ, જીવડાં, દેડકાં ને સાપોલિયાંનો સમાવેશ થાય છે. તે પાણીના કાંઠે કે વાડીઓમાં ખાસ કરીને ડાંગરનાં ખેતરોમાં જોવા મળે છે, પણ ખેતરના પાકને નુકસાન કરતાં નથી.

સારસ ખૂબ મહેનતપૂર્વક ઊડે છે. તેને ઊડવાનું થાય ત્યારે તે હળવે હળવે મોટી પાંખો વીંઝતાં હવામાં સરકે છે. તે જમીનથી બહુ ઊંચે જતાં નથી, પણ એક વાર ઊંચે ગયા પછી ડોક આગળ લંબાવી, પાછળ પગ ફેલાવી, એકધારી પાંખો વીંઝીને ખૂબ ઝડપે ઊડે છે. તે ખૂબ મોટો, પાવા જેવો, રણકતો અવાજ કાઢે છે. તેનો આ મધુર અવાજ વાતાવરણને પ્રસન્નતાથી ભરી દે છે. એ એકધારું ગાતાં ન હોવા છતાં એનો અવાજ કર્ણપ્રિય લાગે તેવો છે.

પંખીઓમાં એવો કુદરતી ક્રમ છે કે નર હંમેશાં નૃત્ય કરી, ગળું ફુલાવી કે ચિત્ર-વિચિત્ર ઢબથી માદાને પ્રસન્ન કરવા પ્રયત્ન કરતો હોય છે. નર સારસ પણ આવી જ રીત અપનાવીને માદાને રીઝવે છે. પ્રજનનકાળમાં નર સારસ કૂદકા મારી નૃત્ય કરે છે. પછી માદા પણ નૃત્યમાં જોડાય છે. બંને સામસામાં કૂદકા મારે છે અને ડોક ખભા પર વાળી નમન કરે છે. સારસ બેલડીનું આ નૃત્ય આપણાં કવિઓ, કલાકારો, ચિત્રકારો - ફોટોગ્રાફર્સને હંમેશા આકર્ષતું રહ્યું છે.

સારસ જમીન પર માળો બાંધે છે. તેના માળામાં સાંઠીકડાં, ઘાસ, વેલા અને વનસ્પતિનાં મૂળ જોવા મળે છે. મૂળને લીધે માળામાં ગારો પણ જોવા મળે છે. તળાવ-નદી વચ્ચેના બેટડા ઉપર કે ડાંગરના ક્યારામાં તે માળો કરે છે. તેમાં ફિક્કા લીલા, ગુલાબી કે ધોળી ઝાંયવાળાં એક કે બે ઈંડાં મૂકે છે. ઈંડાંને ખૂબ સાવચેતી પૂર્વક સેવે છે અને બચ્ચાં મોટાં થાય ત્યાં સુધી તેમને સારસબેલડી સાથે રાખે છે. ખેતરમાં જ્યારે સારસ માળો બાંધીને ઈંડાં મૂકે છે ત્યારે ખેડૂત તેને શુભ માનીને સારસના માળા-ઈંડાં-બચ્ચાંનું રક્ષણ પણ કરે છે.



**સારસ હંમેશાં નર-માદાની જોડીમાં રહે છે. તેની જોડી કાયમી રહે છે અને સાથે જ ચણે છે, સાથે જ ઊડે છે. કવિ કલાપીના જાણીતા 'સારસી' કાવ્યમાં પણ આ જ વાત કહેવાઈ છેઃ ઝૂરીઝૂરી મરવામાં સ્નેહ સંતોષ માને, નહિ કદી રસ શોધે સારસી અન્ય સ્થાને**

સારસબેલડી જોવી એ એક લહાવો છે, પરંતુ આપણે ત્યાં બારેમાસ લીલી રહેતી વાડીઓના અલ્પ પ્રમાણને લીધે સારસનું દર્શન દુર્લભ થઈ રહ્યું છે. છતાં, તેનાં કાયમી રહેઠાણનાં સ્થળોમાં ઉત્તર-દક્ષિણ અને મધ્ય ગુજરાતનાં ડાંગરનાં ખેતરોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત મધ્ય સૌરાષ્ટ્ર પ્રદેશમાં અને કચ્છના દક્ષિણ ભાગમાં પણ સારસબેલડીનાં દર્શન થાય છે. આમ ગણીએ તો ઇશાન ગુજરાતથી દક્ષિણ ગુજરાતના અન્ય રાજ્યના સરહદી જિલ્લાઓ સિવાયના સમગ્ર ગુજરાતમાં સારસની હાજરીની નોંધ લેવાયેલ છે.

સારસ ક્રેન વર્ગમાં આવે છે. Crane વર્ગમાં આવતાં પક્ષીઓમાં સારસ (Sarus Crane) ઉપર જણાવ્યા મુજબ આપણું કાયમી રહેવાસી પક્ષી છે. તો Demoiselle Crane - કરકરો અને Common Crane - કુંજ આપણાં શિયાળુ મુલાકાતી તરીકે સમગ્ર ગુજરાતની મુલાકાત લે છે. તેમજ એક રેર કહી શકાય તેવું Siberian Crane - સાઈબીરિયન કુંજ એકવાર શિયાળામાં કચ્છમાં આવ્યાનો સિંગલ રેકોર્ડ ધરાવે છે.



તાજેતરમાં ઉત્તરપ્રદેશના અમેઠી જિલ્લાના એક ગામના મોહમ્મદ આરીફ નામના એક ખેડૂત અને તેની સાથેના એક સારસ પક્ષીના વીડિયો ખૂબ વાયરલ થયેલ. પાંત્રીસેક વર્ષના એ ખેડૂત એક ઘાયલ સારસને ઘરે લઈ લાવ્યા અને તેની સારવાર કર્યાં પછી તેની પાસે જ એ સારસને રાખ્યું. અને તેના વીડિયો સોશિયલ મીડિયામાં મૂક્યા. અત્રે સૌને એ ખ્યાલ હોવો જોઈએ કે કોઈપણ પક્ષીને પકડી ઘરે રાખવું એ ગુનો બને છે. આવાં ઘાયલ પશુ-પક્ષીઓ માટે એક હેલ્પલાઇન છે. ઉપરાંત દરેક જિલ્લામાં પશુ સારવાર કેન્દ્રો પણ ઉપલબ્ધ હોય છે. તેમજ ઘાયલ-બીમાર પશુ-પક્ષીઓની સારવાર સંભાળ કરતી રજિસ્ટર્ડ સેવાભાવી સંસ્થાઓ પણ હોય છે. તેનો સંપર્ક કરવો જોઈએ. (પછી એ ખેડૂત પર વન્યજીવન કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. અને સત્તાવાળાઓ મારફત



સારસ પક્ષીને નજીકના અભયારણ્યમાં મોકલીને બાદમાં કાનપુરના પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલ.) સારસ આપણી પંખીસૃષ્ટિમાં મહત્વનું સ્થાન ધરાવતું સૌનું પ્રિય પક્ષી છે. સારંગકુળનું સારસ આપણા દેશનું સ્થાયી રહેનારું કાયમી પંખી છે. સારસ આપણા દેશની શોભા છે. તેનું રક્ષણ, જતન અને સંવર્ધન થાય તે જોવાની આપણાં સૌની સહિયારી ફરજ છે.